

## પ્રાંતિજ તાલુકામાં સરપંચો વોર્ડની પેટા ચૂંટણી યોજાઈ

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ ચાર ગ્રામ પંચાતોની પેટા ચુંટણી યોજાઈ હતી. જેમાં ચાર સરપંચો અને પાંચ વોર્ડ ના સભ્યોના ભાવી મતપેટીઓમાં સીલ થયા હતા. સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ ચાર ગ્રામપંચાતોની પેટા ચૂંટણી યોજાઈ હતી જેમાં પ્રાંતિજ તાલુકામાં આવેલ દલાની મુવાડી, અમલાની મુવાડી, ઓરાણ, અમિનપુર સહિત ચાર પંચાયતોમાં સરપંચ માટે તથા બે પંચાયતોમાં સરપંચ સહિત કુલ પાંચ વોર્ડના સભ્યોની ચૂંટણી યોજાઈ હતી. ચારેય ગામોમાં મતદાતાઓ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આજ સાંજ સુધીમાં ચારેય સરપંચો તથા પાંચ વોર્ડના સભ્યોનું ભાવી મત પેટીમાં સીલ થશે અને મતગણતરી ૨૧મી તારીખે યોજાશે.

## વડગામના સલેમકોટમા યુવકને કરંટ લાગતા મોત

વડગામ તાલુકાના સલેકોટ ગામનો એક ગરીબ પરીવારનો યુવક શેરપુરા(સે) ખાતેની સીમમાં આવેલ એક ખેડૂતના ખેતરોમાં પાનત કરવા ગયો હતો. જયા ખેતરના માલિક દ્વારા ખેતરની આસપાસ તારવાળી વાડ ઉપર કરંટ લગાવાયો હતો. જે પાનત કરવા ગયેલા યુવકને જાણ ન કરાતાં યુવક તારને અડી જતાં કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ખેતર માલિક સામે મરણજનાર યુવકના પિતાએ ફરીયાદ નોંધાવી છે.

વડગામ પોલીસ મથકના સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર સેરપુરા(સે) ખાતે રહેતા સીમીરજી સરદારજી ઠાકોરના ખેતરમાં સલેમકોટના પ્રવિણજી ઠાકોર પાનત માટે ગયો હતો. પરંતુ સીમીરજી દ્વારા પોતાના ખેતરની ફરતે તારની વાડ બનાવીને ખેતરમાં કોઈ ઢોર ઢોખર ન આવે તે માટે તાર ઉપર ઈલેક્ટ્રિક કરંટ મુકાયો હતો.

## સાયરા કેસમાં સીઆઈડી ક્રાઈમની ટીમ ડીઆજી ગૌતમ પરમારની આગેવાનીમાં તપાસનો ધમધમાટ

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કર્યું હતું જેમાં બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કરતા પોલીસ ધરપકડ કરી હતી જ્યારે



સતીષ ભરવાડ નામનો આરોપી હજુ પણ ફરાર છે. સમગ્ર ઘટનાના પડઘા રાજ્યમાં પડ્યા હતા અને યુવતિના હત્યારાઓને ફાંસીની સજાની માંગ પ્રબળ બની હતી. ત્યારે મોડાસા પોલીસે ગુનો નોંધવામાં વિલંબ કર્યો હોવાની ફરિયાદોને ગંભીરતાથી લઈને રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ એન.કે. રબારીને સસ્પેન્ડ કરી પરિવારને તાકીદે ન્યાય મળે તે માટે સિનિયર અધિકારીઓની સીટની રચના કરવામાં આવી હતી અને અપમૃત્યુ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી હતી.

રવિવારે અરવલ્લી જીલ્લા પોલીસવડા કચેરીએ સી.આઈ.ડી. ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમારના નેતૃત્વમાં એસપી વીરેન્દ્ર યાદવ, ડીવાયએસપી અશ્વિન પટેલ સહિતની ટીમ પહોંચી હતી સાયરા (અમરાપુર) નિર્ભય કેસ સંભાળી લઈ તપાસનો ધમધમાટ શરૂ કરી દઈ પ્રથમ દિવસે કેસની ઝીણવટભરી તપાસ હાથ ધરી હોવાની સાથે સીઆઈડી ક્રાઈમની ટીમે ઘટના સ્થળની મુલાકાત લઈ સ્થળ તપાસ કરી વડલાના ઝાડથી મૃતદેહ જગ્યા સુધી ઊંચાઈ મપાઈ આજુબાજુ વિસ્તારમાં સર્ચ કર્યું હોવાની અને ઘટનાસ્થળની મુલાકાત પછી સીઆઈડી ક્રાઈમની ટીમે પીડિતાના પરિવાર સાથે મુલાકાત કરી પરિવાર સાથે બેઠક કરી હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. પીડિતાના મોત મામલે રહસ્ય ઉકેલવા સીઆઈડી ક્રાઈમની તપાસ તેજ કરી દીધી છે.

### બાયડના તેનપુર ગામે આઈશર ઉઠાવી ભાગેલા

## વાહનચોરને અટકાવવા જતા વાહનચોરે આધેડને ટક્કર મારતા કરૂણ મોત

બાયડ, તા. ૧૯

બાયડના તેનપુરા ગામે આવેલા ખેતરમાં બટાકા ભરવા ગયેલો ડ્રાઈવર દ્વારા પોતાની ટ્રક ગામની સીમમાં ઉભી રાખી હતી. તે દરમ્યાન કોઈ અજાણ્યો શખ્સો ચોરી કરી ગયા હતા. જેને રોકવા માટે ડ્રાઈવર તેમજ અન્ય એક બાઈક ચાલક ટ્રકની ચોરી કરીને ભાગી રહેલા શખ્સને પીછો કરી રહ્યા હતા. તે દરમ્યાન ડ્રાઈવર દ્વારા તેના મિત્રને સઘળી હકીકતની જાણ કરતા તેના મિત્રા દ્વારા ટ્રક ચોરી કરીને ભાગી રહેલા શખ્સને રોકવાનો પ્રયત્ન કરતા ચોરી કરી ભાગી રહેલા ટ્રક ચાલક દ્વારા ડ્રાઈવરના મિત્રને નીચે પાડી દઈ



તેની પર ટ્રકનું ટાયર ફેરવી દઈ મોતને ઘાટ ઉતારતા આ અંગે પોલીસ ચોરી તેમજ માનવ વધની કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના થાંભલીયા ગામે રહી છેલ્લા કેટલાય સમયથી ડ્રાઈવીંગનો વ્યવસાય કરતા મનિષભાઈ ઉર્ફે શેલેષભાઈ પટેલના તેમના બનેવીની ટ્રક લઈને બાયડ તાલુકાના તેનપુર ગામે અમૃતભાઈ હરગોવિંદભાઈ પટેલના ખેતરમાં બટકા ભરવા ગયા હતા. ત્યારે ખેતર જવાના માર્ગ પર ગાડી જઈ શકે તેમ ન હોવાથી મનીષભાઈ દ્વારા ગાડી ખેતર નજીકના રસ્તામાં ઉભરી રાખી મનીષ બટાકા ભરવા અમૃતજીના ખેતર તરફ ગયા હતા. તે દરમ્યાન સાંજના આઠેક વાગ્યાના સુમારે અચાનક મનીષની ગાડી ચાલુ થવાનો અવાજ આવા મનીષ તરતજ તેમની ગાડી તરફ દોડતા ગયા હતા. જયાં કોઈ અજાણ્યા શખ્સ મનીષની ગાડી ચાલુ કરી પલાયન થઈ રહ્યો હતો.

જેથી મનીષે તેમને પકડવા તેની પાછળ દોડયા હતા. તેજ અરસામાં મનીષને તેનપુર ગામે રહેતા સોમાભાઈ તેમના મોટરસાયકલ પર સામેથી આવતા હોવાથી ટ્રક ડ્રાઈવર તેમજ ટ્રક ચોરી કરીને ભાગી રહેલા ઈસમનો પીછો કર્યા હતો. તે દરમિયાન શખ્સ દ્વારા ટ્રક તેનપુર ગામથી આંબલીયરા તરફ ભગાડી મુકતા ડ્રાઈવર દ્વારા આંબલીયારા ગામે રહેતા તેમના મિત્રને ફોન પર સઘળી હકીકત જણાવતા મિત્ર દ્વારા રોડ ઉપર બે આઈસર ગાડી ઉભી કરી ટ્રકને રોકવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ શખ્સ દ્વારા ટ્રકને સાઈડમાં ઉતારી દઈ ભગાડવાનો પ્રયત્ન કરતા ટ્રક રોકનાર શખ્સને ગંભીર ઈજાઓ પહોંચતા પોલીસ દ્વારા ટ્રક ચોરી કરીને ભાગી રહેલ ઈસમ વિરૂધ્ધ ચોરી તેમજ માનવ વધનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અરવલ્લી જિલ્લામાં બંધારણ દિવસ અને મહાત્મા ગાંધીની જન્મ જયંતિ ઉજવણી નિમિતે કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ

મોડાસા, તા. ૧૯

ગુજરાત રાજ્ય મહિલા આયોગ ગાંધીનગર તેમજ જિલ્લા વહિવટીતંત્ર, અરવલ્લીના સહયોગથી મહિલાઓમાં પોતાના હક તેમજ હીતોનું રક્ષણ કરી શકે તેવા મહિલા વિષયક કાયદાકીય ઉકેલ લાવી શકી છે. મહિલાઓ સખી મંડળો, સ્વ સહાયક જૂથો જેવા મંડળો બનાવી બચત કરતી અને રોજગારી મેળવતી થઈ છે. ઘણી બહેનો લઘુ ઉદ્યોગ કરી અગરબત્તી, બ્યૂટીપાર્લર, સિવણ જેવા ધંધા કરી રોજગારીની વિવિધ અધિકારી અનિલ ધામેલીયાએ મહિલાઓની અમલિત યોજનાઓ ગ્રામપંચાયતના સરપંચો અને આંગણવાડીના કાર્યકરો દ્વારા યોજનાકીય જાણકારી આપી તેનો લાભ લેવા જણાવ્યું હતું.




જાગૃતિ માટે શિબીરનું આયોજન ગુજરાત રાજ્ય મહિલા આયોગના શ્રીમતી લીલાબેન અંકોલીયાના અધ્યક્ષસ્થાને મોડાસાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહિલા આયોગના અધ્યક્ષશ્રી લીલાબેન અંકોલીયાએ જણાવ્યુ હતું કે કાયદાકીય જાગૃત શિબીરથી મહિલાઓને બંધારણમાં આપેલા પોતાના હકોથી વાકેફ થાય અને તેને અનુસરીને મહિલાઓને થતો અન્યાય દૂર કરે તથા મહિલાઓમાં જાગૃતતા આવવાથી સરકારની વિવિધ મહિલાલક્ષી લાભો મેળવતી થઈ છે અને મહિલાઓ પુરૂષો સમોવડી બની છે. મહિલાઓ નારી અદાલતો દ્વારા મહિલાઓના પ્રશ્નોનો જલદીથી તકો ઉભી કરી રહી છે. મહિલાઓને ૩૩ ટકા અનામત મળતા પોલીસ વિભાગ, એસ.ટી.મા કંડક્ટર તરીકે તેમજ અન્ય સરકારી કચેરીઓમાં મહિલાઓનુ યોગદાન રહેલ છે.

વધુમાં અધ્યક્ષે બેટી બચાવો બેટી પઢાઓ, બાળકીની ભ્રૂણ હત્યા અટકાવો અને સ્વચ્છતા જાળવવા પર ખાસ ભાર મુક્યો હતો અને દિકરા-દિકરીના ભેદભાવ ન રાખવા જણાવ્યું હતું. આ ઉપરાંત મહિલાઓની કાયદાકીય જાગૃતિ, નારી અદાલત તેમજ ૧૮૧ મહિલા અભયમનો સમય પ્રમાણે ઉપયોગ કરવા તેમજ બાળકોનું ચિંતન કરવા અને મહિલાઓને શિક્ષણ મેળવવા ખાસ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ

આ પ્રસંગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વનિતાબેન પટેલે મહિલાઓ માટેના આપેલા હકો મેળવવા માટે મહિલાઓને એક થવા જણાવ્યુ હતુબ બાળસુરક્ષા અધિકારી નિલેશભાઈએ મહિલાઓના બંધારણના કાયદાકીય હકો તેમજ બાળકોના બંધારણના કાયદાકીય હકોની વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં મોડાસાના પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, મહિલા આયોગના અગ્રણી, પ્રોગ્રામ ઓફિસર શ્રીમતિ ઈલાબેન, ૧૦૮ અભયમના ચેતનાબેન પટેલ, સી.ડી.પી.ઓ. મહિલા શકિત કેન્દ્રનો સ્ટાફ, કાર્યકર બહેનો વગેરે બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડગામના પાંચડા-મેજરપુરામા મતદાન યોજાયું

### સવારથી જ મતદાન મથક ઉપર મતદારોની લાઇનો લાગી હતી : વડગામના શેરપુરા(મ) અને ચિત્રોડા પંચાયતના સરપંચ બિનહરીફ થયા હતા : મેજરપુરા અને પાંચડાના સરપંચોના ભાવી ઇવીએમ મશીનમા શીલ

વડગામ, તા. ૧૯

વડગામ તાલુકાની પાંચ પંચાયતની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિધ્ધ થવા પામ્યું હતું. જેમાં ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે શેરપુરા (મ) અને ચિત્રોડા પંચાયતના સરપંચની પેટા ચૂંટણીમાં બંને સરપંચ બિન હરીફ બન્યા હતા.

પાંચડામા સરપંચ માટેની અનુસૂચિત જાતિની મહિલા બેઠક હોવાથી સરપંચ માટે દાનીબેન માવજીભાઈ પરમાર (રોહીત) તેમજ જેઠીબેન પિતામ્બરભાઈ પરમાર (વણકર) આ બંને મહિલા ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા હતા. તેમજ બે વોર્ડ માટેની પણ ચૂંટણી યોજાઈ હતી. મેજરપુરા પંચાયતના તમામ વોર્ડના સભ્યો બિનહરીફ થયા હતા અને સરપંચ માટે કિર્તીસિંહ ગંભીરસિંહ ભાટી તેમજ વિપલસિંહ સોલંકી બે એકજ સમાજના ઉમેદવાર ચૂંટણી જંગમાં રહ્યા હતા. આજે પાંચડા અને મેજરપુરામા મતદાન યોજાતા સવારથી જ મતદાન મથકે મતદારોનો ઘસારો જોવા મળી રહ્યો હતો. બંન્ને ઉમેદવારોના સમર્થકો મતદારોને મતદાન મથકે લાવીને



મતદાન પણ કરાવાય રહ્યું હતું.

મતદાન સમયે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા ખડેપગે રહીને મતદાન સમય સુધી ચુસ્ત ફરજ બજાવી હતી. બંન્ને ગામમાં શાન્તિ પૂર્ણ માહોલમાં ઉત્સાહપૂર્વક મતદાન પણ થઈ રહ્યુ હતું. મતદારોમાંથી જાણવા મળતી માહિતી મુજબ મેજરપુરામા સરપંચ તરીકે કિર્તીસિંહ ભાટી અને પાંચડામા જેઠીબેન પિતામ્બરભાઈ પરમાર સરપંચ તરીકે મેદાન મારી જાય તેવી ચર્ચાઓ મતદારોમાં સાંભળવા મળી હતી. ત્યારે જોવાનું રહ્યું કે હવે ક્યા ઉમેદવારને નસીબ ફળે છે તે જોવાનું રહ્યું. ૨૧ તારીખે મતગણતરી વડગામ મામલતદાર કચેરી ખાતે હાથ ધરાશે જેમાં દુધનું દુધ અને પાણીનું પાણી થઈને રહેશે.



## પ્રાંતિજ ખાતે 'હરતુ ફરતું થિયેટર'નું કૌશલ્યા કુંવરબાના હસ્તે ખુલ્લું મુકાયું

ગુજરાતમાં સૌ પ્રથમ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હરતુ ફરતું થિયેટરને કૌશલ્યા કુંવરબાના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતુ. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગુજરાતનું સૌ પ્રથમ હરતુ ફરતું થિયેટરને જાયન્ટસ ગૃપના સહયોગથી ચાર દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે. જેને બીજેપી નેતા કૌશલ્યા કુંવરબાના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, સુનીલદાસજી મહારાજ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ સહિત ફિલ્મના કલાકારો ડાયરેક્ટર રમેશભાઈ સહિત જાયન્ટસ ગૃપના હોદેદારો સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. કૌશલ્યા કુંવરબા સહિત ઉપસ્થિત મહેમાનો મહાનુભાવોઓ સૌ કોઈ ઉપસ્થિત લોકોએ ફિલ્મ નિહાળી હતી.

## ભિલોડા તાલુકા કક્ષાનો પોલિયો રસીકરણ કાર્યક્રમ ટાકાટુકા ખાતે યોજાયો

ભિલોડા,તા.૧૯

પોલિયો મુક્ત દેશ વ્યાપી ઝુંબેશના ભાગ રૂપે અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સ્વસ્થ પેઢીના નિર્માણ માટે સમયસર પોલિયોના બે ટીપા બાળકને અવશ્ય આપવામાં આવે તે અત્યંત જરૂરી છે.ભિલોડા તાલુકા કક્ષાનો પોલિયો રસીકરણ કાર્યક્રમ ટાકાટુકા ખાતે યોજાયો હતો.અરવલ્લી જીલ્લા પંચાયત ઉપપ્રમુખ ચિમનભાઈ કટારાના વરદ્ હસ્તે પોલિયો રસીકરણ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું હતું.ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ ઓફીસર ડાં.એ.જે.વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની સમગ્ર ટીમ ધ્વારા સફળ



આયોજન કરાયું હતું.૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવી સુરક્ષીત કરવા હાકલ કરાઈ હતી.તા.આ.નિરીક્ષક રામજીભાઈ,તા.હે.વી. પુષ્પાબેનએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

કિશનગઢ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગામેતીના વરદ્ હસ્તે પોલિયો રસીકરણ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું હતું.કિશનગઢ મેડીકલ ઓફીસર ડાં.નેહાબેન જોષીયારા,આયુષ મે.ઓ. મેમણના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની સમગ્ર ટીમ ધ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભગીરથ પ્રયત્નો હાથ ધર્યા હતા.૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને આવરી લેવાનું શ્રેષ્ઠ આયોજન કરાયું હતું.સપ્તધારા સાધક,સુપરવાઈઝર સંજયભાઈ બારોટએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## પાલનપુરના સખી વન સ્ટોપ સેન્ટરની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય દ્વારા મુલાકાત

### મહિલા જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમ કરવા માટે સૂચનાઓ આપી

જિલ્લામથક પાલનપુરમાં સિવિલ હોસ્પિટલના સંકુલમાં આવેલ ભારત સરકારના સખી વન સ્ટોપ સેન્ટરની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડો.રાજુલબેન



દેસાઈએ શનિવારે મુલાકત લીધી હતી. જ્યાં સખી સેન્ટરમાં ફરજ બજાવતી મહિલા કર્મચારી જરૂરી માર્ગદર્શન આપી મહિલા જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ પાલનપુરના સખી વન સ્ટોપ સેન્ટર ની કામગીરી જાતનું નિરીક્ષણ કર્યુ હતુ.

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોમાં હિંસાથી પીડિત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવા પૂરી પાડવા માટે ઓગસ્ટ ૨૦૧૬થી વન સ્ટોપ સેન્ટર યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો હેતુ એ છે કે, હિંસાથી પીડિત કોઈપણ કિશોરી કે મહિલાને એક જ સ્થળેથી તેને જરૂર હોય તેવી તમામ સુવિધા પૂરી પાડવાનો છે. સખી કેન્દ્ર દ્વારા હિંસાથી પીડિત મહિલાઓને તાત્કાલિક તબીબી સહાય, કાયદાકીય સલાહ, માર્ગદર્શન, પોલીસની સહાય, સામાજીક સમસ્યા તેમજ પરામર્શ જેવી સેવાઓ તાત્કાલિક ધોરણે પૂરી પાડવામાં આવે છે. દેશના મોટાભાગ રાજ્યના જિલ્લામાં સખી વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે. ભારત સરકાર દ્વારા મહિલાઓની તમામ સમસ્યાઓના સમાધાન માટે જિલ્લાના મુખ્યાલય પર સખી વન સ્ટોપ સેન્ટર ની શરૂઆત કરવામાં આવી છે. જ્યાં મહિલાઓની તમામ સમસ્યાનું સમાધાન માટે સખી વન સ્ટોપ સેન્ટર મદદરૂપ થાય છે. જ્યાં જિલ્લા મથક પાલનપુરમાં સિવિલ હોસ્પિટલના સંકુલમાં આવેલ ભારત સરકારના સખી વન સ્ટોપ સેન્ટરની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડો.રાજુલબેન દેસાઈએ મુલાકત લીધી હતી અને ફરજ બજાવતી મહિલા કર્મચારી જરૂરી માર્ગદર્શન આપી મહિલા જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ પાલનપુરના સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી જાતનું નિરીક્ષણ કર્યુ હતુ.

## વડગામ બી.આર.સી. ભવન ખાતે કર્તવ્ય બોધ કાર્યક્રમ યોજાયો

તાલુકા મથક વડગામ ખાતે આવે બીઆરસી ભવનમાં રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા જયમલજી પરમારના અધ્યક્ષસ્થાને કર્તવ્ય બોધ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્વામી વિવેકાનંદ તથા સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીના ઉપલક્ષમાં આ કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જી.એન. દેશમુખ તથા બીઆરસી ભવનના કો-ઓર્ડીનેટર મહેન્દ્રસિંહ બારડ, સંગઠનમાંથી પ્રાંત મહામંત્રી રતુભાઈ ગોળ તથા જીલ્લા મહામંત્રી ગણેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. ત્યારે મુખ્ય વક્તા શંકરભાઈ દવે એ પ્રસંગ અનુરૂપ અસરકારક વક્તવ્ય આપ્યું હતું. ત્યારે શૈક્ષણિક સંઘના પ્રમુખ બાબુસિંહ રાણાએ સ્વાગત પ્રવચન સાથે સંગઠનનો પરિચય અને વિવિધ માહિતી આપી હતી.

## ડીસામાં નાગરિક સંશોધન કાયદાના સમર્થનમાં રેલી યોજી વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખી સમર્થન કર્યુ

ડીસા, તા. ૧૯

કેન્દ્ર સરકારમાં બહુમતી મતીથી નાગરિક સંશોધન બિલ પસાર કરવામાં આવ્યું હતું જેનું હાલ સમગ્ર ભારતમાં સીએએના




સમર્થનમાં આખા દેશ બીજી આઝાદી મળી હોય તેવી ખુશી વ્યકત કરી રહ્યું છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના તમામ હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઘરે ઘરે જઈ નાગરિક સંશોધન કાયદાની પુરી માહિતી આપીને નાગરિકનો આ કાયદા વિશે સમજણ આપી હતી. તે બાદ બનાસવાસીઓએ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયને વધાવી રહ્યાં છે. જેના સમર્થનમાં આજે બનાસકાંઠા જિલ્લા ભાજપની આગેવાનીમાં ડીસાના સાંઈબાબા મંદિર ખાતે સરદાર પટેલ સાહેબની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને આખા બનાસકાંઠા જિલ્લામાં લખાયેલા ૫૫ હજારથી વધુ પોસ્ટ કાર્ડ કેન્દ્રમાં નરેન્દ્ર મોદી પોસ્ટ ઓફિસની મારફતે રવાના કરવામાં આવ્યા હતા. જેમાં વિશાળ સંખ્યામાં ડીસાવાસીઓ તેમજ ભાજપના આગેવાનો હાથમાં તિરંગો અને સીએએના સમર્થનના બેનર સાથે ડી.જે.ના તાલે તેમજ નાસિક ઢોલ દ્વારા વિશાળ રેલી નિકળી હતી. જે રેલી ડીસાના રાજમાર્ગો પર ફરીને ડીસાની પોસ્ટ ઓફિસ ખાતે પોસ્ટ કાર્ડ કેન્દ્રમાં રવાના કરીને ડીસાના એસ.સી.ડબ્લ્યુ. ખાતે વિશાળ સભા યોજવામાં આવી હતી. ત્યારે આ કાર્યક્રમમાં ભાજપના દિગ્ગજ નેતાઓ કે.સી. પટેલ, બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલ, વેરહાઉસિંગના ચેરમેન મગનલાલ માળી, ડીસા નગરપાલિકા પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ માળી, ડીસા નગરપાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ આગેવાનો ઉપસ્થિત રહીને આ નાગરિક સંશોધન કાયદાને સમર્થન આપ્યું હતું.